# એક જ દે ચિનગારી

### કવિ ઇશ્વર પાસે શું માગે છે ?

A. જિંદગી

B. આભઅટારી

C. ધનસંપત્તિ

D. ચિનગારી

- D. ચિનગારી

### તણખો ક્યાં ન પડ્યો ?

A. ચિનગારીમાં

B. જમગરીમાં

C. સગદીમાં

D. વિપતમાં

- B.જમગરીમાં

### કવિ કઈ વાતને ભારે વિપતની ગણે છે ?

- પરમાત્માની એક જ ચિનગારીથી ચાંદો, સૂરજ અને આભની અટારીએ તારા ઝળહળી ઉઠ્યા, પણ કવિની જીવનરૂપી સગડી જ સળગી નહી. તેથી કવિ આ વાતને ભારે વિપતની ગણે છે

### કવિ માત્ર એક જ ચિનગારી શા માટે માગે છે ?

- કવિ માત્ર એક જ ચિનગારી માગે ક્ગ્ગે, કારણ કે જ્ઞાનીને એક જ ચિનગારીથી સમગ્ર જીવન પ્રકાશિત થઈ જાય છે.

### કવિએ પોતાની મહેનત એળે ગઈ એમ શા માટે માને છે?

- કવિએ પોતાનું જીવન અનેક પ્રકારનાં નિરર્થક કામો કરવામાં ખરચી નાખ્યું, પણ જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ થયો નહી. આથી કવો પોતાની મહેનત એળે ગઈ એમ કહે છે.

### 'જીવન ખરચી નાખવું' એટલે શું કરવું ?

- 'જીંવન ખરચી નાખવું' એટલે અનેક નાનાં-મોટાં કાર્યો કરવામાં જીવન પુરું કરી દેવું.

## 'મહેનત ફળવી' એટલે શું ?

- મહેનત ફળવી' એટલે જીવનમાં સારાં કાર્યો કરવા માટે જે કાંઇ નાખ્યું, પણ જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ થયો નહી. આથી કવિ પોતાની મહેનત એળે ગઈ એમ કહે છે.

## 'જામગરી' શબ્દ અહીં કયા અર્થમાં વપરાયો છે ?

- 'જામગરી' શબ્દ અહીં 'જિંદગી'ના અર્થમાં વપરાયો છે.

## નીચેના શબ્દોના બે-બે સમાનાર્થી શબ્દો લખો.

**1. આનલ 2. વિપત 3. ચાંદો**

**4. સૂરજ 5. કાયા 6. લોઢું**

- આનલ : અગ્નિ, આગ
- વિપત : વિપત્તિ, આપત્તિ, આફત
- ચાંદો : ચંદ્ર, શશી
- સૂરજ : સૂર્ય, રવિ

- કાયા : દેહ, તન, શરીર
- લોઢું : લોખંડ, લોહ

## નીચેના શબ્દોનો ઉપયોગ કરી દસથી બાર લિટીમાં એક ફકરો લખો.

## મંદીર, બંદગી, કુરાન, દેરાસર, અગિયારી, કલ્પસૂત્ર, બાઇબલ, ગુરુદ્વારા, ગ્રંથસાહેવ, ત્રિપિટક, પેગોડા, ભગવદ્દગીતા.

- ભક્તો મંદેરમાટ જઈ ભગવાનને પ્રાર્થના કરે છે. દેરાસર એ જૈનોનું ધર્મસ્થાન છે. જૈનો ત્યાં પોતાના ઇષ્ટદેવનાં દર્શન કરવા જાય છે. કુરાનમાં રોજ અલ્લાની બંદગી કરવાનું કહ્યું છે. અગિયારી પારસીઓનું ધર્મસ્થાન છે. ત્યાં આતશ-અગ્નિ સતત પ્રજ્વલિત રાખવામાં આવે છે. કલ્પસૂત્ર જૈનસાધુઓનના આચાર વર્ણવતો ગ્રંથ છે. ખ્રિસ્તીઓનો ધાર્મિકગ્રંથ બાઇબલ છે. શીખ સંપ્રદાયનું ધર્મસ્થાન ગુરુદ્વાર છે અને ગ્રંથસહેબ શીખ સંપ્રદાયનો ધર્મગ્રંથ છે. એમાં ગુરુ નાનક અને બીજા ભક્તોનાં ભજનો-પદો છે. ત્રિપિટક ત્રણ પ્રકારના બૌદ્ધ ધર્મગ્રંથોનો સમૂહ છે. ભગવાન બુદ્ધના વિશેષ પ્રકારના મંદિરને પેગોડા કહે છે. ભગવદગીતા હિંદુ જ્ઞાન અને કર્મની સાચી દિશા બતાવી છે.